## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ

ઉષાબેન પંઢરીનાથ જગતાપ
(૧૯૪૬)મો.૯૬૨૪૦૦૯૯૬૭

કુસુમબેન લક્ષ્મીશંકર વ્યાસ
(૧૯૪૫)ફોન : ૨૩૨૬૦૫૭૭

અનિલકુમાર ચીમનલાલ સરૈયા
(૧૯૪૧)ફોન : ૨૩૨૩૯૫૩૦

હરસુખલાલ વલ્લભભાઈ પટેલ
(૧૯૩૯)ફોન : ૨૩૨૨૪૬૬૬

## નારોલમાં કોટન ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નિકળી

અમદાવાદ, તા.૨૫

શહેરના નારોલ ખાતે કોટન ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળતા ભારે નાસભાગ મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડના અધિકારીઓ સહિતનો કાફલો દોડી ગયો હતો.

# આદિવાસી વિસ્તારમાં પ્રવાસનના વિકાસ માટે દસ કરોડની જાહેરાત કરતા કેન્દ્રીય મંત્રી સહાય

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના આદિવાસી વિસ્તારમાં નર્મદા જિલ્લાના માલસામોટ ખાતે પ્રવાસનના વિકાસ માટે રૂ. દસ કરોડની જાહેરાત કેન્દ્રીય પ્રવાસનમંત્રી સુબોધકાંત સહાયએ કરી હતી.

ગુજરાતના એક દિવસના પ્રવાસે આવેલા કેન્દ્રીય પ્રવાસનમંત્રી સુબોધકાંત સહાયે કરેલી ઉપરોક્ત જાહેરાત અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે નર્મદા જિલ્લાના માલસામોટ, નીનાય વોટર ફોલ, દેવ મોગરા માતાનું મંદિર આ ત્રણેય સેન્ટરો પ્રવાસનની દૃષ્ટિએ અત્યંત મહત્વના છે. આ ત્રણેય સેન્ટરોના વિકાસ માટે ગુજરાત સરકારે અત્યાર સુધી કોઈ જ ચિંતા કરી ન હતી. સ્થાનિક આદિવાસી ભાઈઓના વિકાસ માટે અને પ્રવાસનના વિકાસ માટે યોગ્ય પ્રોજેક્ટ અત્યંત મહત્વનો બને તે જરૂરી હોવાથી સ્થાનિક વિસ્તારના ધારાસભ્ય શ્રી અમરસિંહભાઈ વસાવાએ શ્રી અહમદભાઈ પાસે રજૂઆત કરતાં ખાસ કિસ્સા તરીકે શ્રી અહમદભાઈ પટેલના પ્રયાસોના કારણે રૂપિયા ૧૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જે માલસામોટ ખાતે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલાં ૧૦૦ ટકાના આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત આજરોજ માલસામોટ ખાતે કેન્દ્રીય પર્યાવરણ મંત્રીશ્રી સુબોધકાંત સહાયજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ધારાસભ્યશ્રી અમરસિંભાઈ વસાવા, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી આનંદકુમાર, શ્રી વિપુલ મિત્રા, સંદીપજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શિલાન્યાસ પ્રસંગે સ્થાનિક લોકોને સંબોધન કરતાં શ્રી સુબોધકાંત સહાયજીએ જણાવ્યું હતું કે, શ્રી અહમદભાઈ પટેલ સાહેબના અતિ આગ્રહના કારણે નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તાર માટે આ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે અને જરૂરિયાત મુજબ હજી જે કાંઈ કરવાનું હશે તે કેન્દ્ર સરકાર કરશે. શ્રી સુબોધકાંત સહાયજીએ ભારત સરકાર દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં પર્યાવરણ ક્ષેત્રે ગુજરાતને અપાયેલા સહાયની વિગતો આપી હતી.

આ પ્રસંગે બોલતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવ્યા બાદ પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને ભૂતકાળમાં ક્યારેય ન મળ્યા હોય તેટલાં નાણાં ફાળવવામાં આવ્યા છે. વિગતો આપતાં શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, આંબરડી વાઈલ્ડ લાઈફ ઈન્ટરનેશનલ પાર્ક માટે ૪.૭૫ કરોડ રૂપિયા, ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ દ્વારકા નાગેશ્વર બેટ માટે ૭.૯૮ કરોડ, તરણેતર જિ. સુરેન્દ્રનગરના વિકાસ માટે ૩.૧૦ કરોડ, ચાંપાનેર પાવાગઢના વિકાસ માટે ૩.૬૦ કરોડ, દાંડી પ્રવાસ સર્કીટ માટે ૭.૩૩ કરોડ, શુકલતીર્થ કબીરવડ અને અંગારેશ્વરના સર્કીટ પ્રોજેક્ટ માટે ૪૬.૫૦ કરોડ મળીને માત્ર છેલ્લાં થોડા સમયમાં ભારત સરકાર તરફથી ૮૬.૧૪ કરોડ રૂપિયા ગુજરાતને ફાળવવામાં આવ્યા છે. ભૂતકાળમાં એન.ડી.એ.ના શાસનમાં ૮ વર્ષમાં પણ ગુજરાતને આટલાં રૂપિયા ફળવાયાં ન હતાં.

ગુજરાતની સરકાર માનીતાઓના વિકાસ માટે અઢળક ખર્ચો કરે છે, પરંતુ જરૂરિયાતમંદ ગુજરાતીઓ માટે કે આદિવાસી વિસ્તારો માટે કશું જ કરતી નથી. ભારત સરકારના ગુજરાત માટેના આ પ્રોજેક્ટથી નર્મદા જિલ્લાના દુર્ગમ આદિવાસી વિસ્તારનો વિકાસ થશે. આ પ્રોજેક્ટ મંજૂર કરાવવા માટે વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના પનોતાપુત્ર શ્રી અહમદભાઈ પટેલનો ખાસ આભાર માન્યો હતો.

# ભરચક કોર્ટમાં જ અસીલે વકીલને થપ્પડ ઠોકી દીધી

### મુદત પર હાજર રહેવાના મામલામાં અસીલ અને વકીલ વચ્ચે બોલાચાલી થઈ : મેટ્રો કોર્ટની ભારે ચકચારી ઘટના

અમદાવાદ, તા.૨૫

શહેરના ઘી કાંટા વિસ્તારમાં આવેલી મેટ્રોપોલીટીન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મુદત પર હાજર રહેવાને મામલે અસીલે પોતાના વકીલને જ જોરદાર તમાચો ઠોકી દીધો હોવાની ચકચારી ઘટના બનવા પામી હતી. ઘટનાને પગલે વકીલ કારંજ પોલીસ મથકે ફરિયાદ કરવા દોડી ગયા હતા. પરંતુ અંતે અસીલ સાથે સમાધાન કરી લીધું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જવાહર ચોક તોલના કાજી પાછળ રહેતા ને વ્યવસાયે વકીલ નરેન્દ્ર કુમાર રૂપચંદ બેરવા મેટ્રો કોર્ટમાં પ્રેક્ટિસ કરે છે. મારા મારીના એક કેસમાં અમીત અશોકભાઈ અગ્નિ હોત્રી નામના તેમના એક અસીલની ગઈકાલે કોર્ટ નં. ૧૩ માં મુદત હતી. જેથી નરેન્દ્ર કુમારે સવારના સુમારે તેને કોર્ટમાં હાજર રહેવા અગાઉથી જણાવી રાખ્યું હતું.

દરમ્યાનમાં અસીલે ઊઘડતી કોર્ટે આવવાનું ના પાડી દીધું હતું. જેથી વકીલે તેને તુરંત કોર્ટમાં આવી જવા માટે કહ્યું હતું. જેથી અસીલ કોર્ટમાં દોડી આવ્યો હતો અને કોર્ટ નં. ૧૩ ની બહાર તેઓ બંન્ને રીતસર ઝઘડવા લાગ્યા હતા. દરમ્યાનમાં ઉશ્કેરાયેલા અસીલે નરેન્દ્રકુમારના ગાલ પર તમાચોર ઠોકી દીધો હતો. જેથી હાજર અન્ય અસીલો અને વકીલો રીતસર ચોકી ઉઠ્યા હતા. દરમ્યાનમાં અન્ય વકીલો દોડી આવી અમીતને પકડી લીધો હતો બાદમાં વકીલે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરતાં કારંજ પોલીસ દોડી આવી હતી. જોકે બાદમાં બંન્ને પક્ષે સમાધાન થઈ જતાં કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાનું કારંજ પોલીસે જણાવ્યું છે.

# ગુજરાત એક્સપ્રેસ પર વીજતાર તૂટી પડતાં મુસાફરોમાં ફફડાટ

### સુરતથી તાપી રેલવે બ્રિજ વચ્ચે ડાઉનલાઈનનો ઓવરહેડ કેબલ એકાએક તૂટી પડ્યો : સવારે ૧૦.૩૪ વાગ્યાની આસપાસ બનાવ : ઊંડી તપાસ શરૂ

અમદાવાદ, તા.૨૫

મુંબઈથી અમદાવાદ આવતી ગુજરાત એક્સપ્રેસ ટ્રેન પર સુરત સ્ટેશનથી થોડાક અંતરે જ વીજ તાર તૂટી પડતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. જો કે આ મામલામાં કોઈ મોટી દુર્ઘટના ન થતા તંત્રને મોટી રાહત થઈ હતી. મળેલી માહિતી મુજબ

મુંબઈથી અમદાવાદ તરફ જઈ રહેલી ગુજરાત એક્સપ્રેસ ટ્રેને સુરત સ્ટેશનને પાર કર્યા બાદ થોડીક જ ક્ષણોમાં ૨૫૦૦૦ વોટનો ઓવરહેડ કેબલ ધડાકાભેર ટ્રેન પર તૂટી પડતા ટ્રેનમાં મુસાફરી કરી રહેલા યાત્રીઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી જો કે સાવચેતીના પગલારૂપે તાત્કાલિક રીતે ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને યાત્રીઓને નીચે ઉતારી દેવામાં આવ્યા હતા.

માહિતી મુજબ આજે સવારે ૧૦.૩૦ કલાકે મુંબઈથી અમદાવાદ તરફ જતી ગુજરાત એક્સપ્રેસ ટ્રેનને આ દુર્ઘટના નડી હતી. સુરત સ્ટેશન પાર કર્યા બાદ ટ્રેન મુસાફરોને લઈ તેની મંજિલ તરફ આગળ ધપી રહી હતી ત્યારે તાપી રેલવે બ્રિજ નજીક જ ૧૦.૩૪ કલાકે ડાઉન લાઈનનો મુખ્ય ઓવરહેડ કેબલ ધડાકા-ભડાકા સાથે એકાએક તૂટી પડતા ટ્રેન તાત્કાલિક ત્યાં જ થંભી ગઈ હતી. જો કે સદનસીબે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. આશરે ૨૫૦૦૦ વોટની ક્ષમતાનો મુખ્ય ડાઉન લાઈનનો વીજ કેબલ તૂટતા થયેલા ધડાકા અને તણખા ઝરતા ટ્રેનમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

આશરે અડધો કલાક સુધી ગુજરાત એક્સપ્રેસ ત્યાં જ પડી રહ્યા બાદ સુરત રેલવે સ્ટેશન ટ્રેનને પાછી લાવવામાં આવી હતી. રેલવે તંત્રએ યુદ્ધનાં ધોરણે તુટી ગયેલા ઓવરહેડ કેબલને પુનઃ જોડી ડાઉન લાઈનનો થંભી ગયેલો ટ્રેન વ્યવહાર પુનઃશરૂ કરવાની કવાયત હાથ ધરી હતી અને મોડે સુધી ફરી સમારકામની કામગીરી પરિપૂર્ણ કરાઈ હતી.

ઓવરહેડ કેબલ તૂટી પડવાની ઘટનામાં જે તે સેક્શનમાં તાત્કાલિક અસરથી જ તે જ સમયે પાવર કટ ઓફ થઈ જાય છે. તાપી રેલવે બ્રિજ પહેલા ડાઉન ટ્રેક ઉપર ૨૫૦૦૦ વોટનો ઓવરહેડ કેબલ તુટી પડવાની ઘટનામાં પણ તરત જ વીજ પુરવઠો બંધ થઈ જવાથી મોટું જોખમ ટળી ગયું હતું. ગુજરાત એક્સપ્રેસ ટ્રેન પસાર થવાના સમયે ઓવરહેડ કેબલ તૂટવાની બનેલી ઘટનાને પગલે મુંબઈ-અમદાવાદ ડાઉન લાઈનનો ટ્રેન વ્યવહાર ત્રણ કલાક સુધી ખોરવાઈ ગયો હતો. અન્ય આઠથી દસ ટ્રેનો મોડી પડી હતી.

## ફાઈલ ટ્રેકીંગ પદ્ધતિનો અમલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કારણે અરજદારે કરેલ અરજી ક્યારે મળી અને કયા કયા તબક્કે કયા કયા ટેબલે કેટલો સમય પડી રહે તેની જાણ થશે એટલુ જ નહિ આ માટે વિલંબ કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી સુધી સરકાર કાર્યવાહી કરશે.

પ્રજાભિમુખ વહીવટ બનાવવા માટે સરકારે એક જિલ્લામાં બિન ખેતીની મંજૂરીને લઈ પણ પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુક્યો છે. જેમાં અરજદારની અરજી કરવાથી લઈ તમામ જવાબદારી જનસેવા કેન્દ્રમાં એક અધિકારીને મુકવામાં આવ્યો છે. જે બધી જ જરૂરી કાર્યવાહી કરશે. ઝડપથી મંજુરી મળે તે માટે એફિડેવીટ અને ફોટોગ્રાફની સુવિધા પણ જનસેવા કેન્દ્રમાં ઉભી કરાશે.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે મહેસુલ વિભાગમાં નાવિન્યકરણ અને ગુણાત્મક સુધારાઓના અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે. એ.ટી.વી.ટી.ના અમલીકરણમાં ધીમી ગતિનો એકરાર કરતાં જણાવ્યું હતું કે અમે તેના અમલીકરણ માટે કટિબદ્ધ છીએ કારણ કે તેમાં સરળીકરણ બે મુખ્ય ઉદ્દેશ્ય છે.

મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યની તમામ મહેસુલ કચેરીઓમાં હવે બે લાયબ્રેરી બનાવવામાં આવશે. જે એક લાયબ્રેરી અધિકારીઓ માટે હશે જેમાં સરકારના તમામ પરિપત્રો અને કાયદાના પુસ્તકો હશે. જ્યારે બીજી લાયબ્રેરી પ્રજા માટે જનસેવા કેન્દ્ર નજીક બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે વહીવટીતંત્રમાં અધિકારીઓ માટે કાયદો લાવવાની વાત કેન્દ્ર સરકાર અત્યારે કરે છે અમે તો નાગરિક અધિકાર પત્ર અમલમાં મુકી તેનો અમલ પણ શરૂ કરી દીધો છે. તંત્રના અધિકારીઓ માટે કાયદો લાવવાની વાત લોકપાલ વિધેયકની કવાયતનો ભાગ હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે તંત્રની આંટીઘૂટીઓનું સરળીકરણ કરવાનુ અને પ્રજાભિમુખ તંત્ર બનાવવાનો અભિગમ સરકારનો બહુ સ્પષ્ટ છે. તેમણે જણાવ્યું હતું કે બિનખેતીની મંજૂરી માટે જે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે તે પંચાયત અને મહેસુલ બન્નેમાં અમલી બનશે. તેમણે કહ્યું હતું કે ઈચ્છાશક્તિ અમારી મજબુત છે. પ્રજાની સેવા એ જ અમારો મંત્ર છે અને એ માટે જે કંઈ કરવુ પડે તે કરવામાં અમે ક્યાંય અટકીશું નહિ.

પ્રારંભમાં મહેસુલ સચિવ અને જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સી.એલ. મીનાએ જણાવ્યું હતું કે મહેસુલ વિભાગમાં ગુણાત્મક સુધારાઓના અને કવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ કે મહેસુલી કચેરીઓના નાવિન્યકરણ માટે પહેલાં અંદાજપત્રમાં માંડ ૫૦ કરોડ જેટલી જોગવાઈ થતી હતી સરકારે આ વર્ષે ૨૫૦ કરોડ જેટલી માતબર જોગવાઈ કરી છે. તેમણે નવી બનેલી કચેરીઓ અને સુવિધાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે તંત્ર પ્રજાભિમુખ બને તે દિશામાં અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી જયસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસાર, જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપ, પાટનગર યોજનાના ચીફ એન્જી. શ્રી એન.કે. પટેલ, સેટલમેન્ટ કમિશનર શ્રી કૌશિક ભટ્ટ, સ્ટેમ્પ કમિશનર શ્રી લોચનસિંઘ શહેરા, માર્ગ-મકાનના ઈજનેરો, મહેસુલી અધિકારીઓ શહેરના કાઉન્સીલરો શ્રી કાર્તિક પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રી આશિષ દવે સંગઠનના શ્રી જીગ્નેશ જોશી, શ્રી મહિપાલ પટેલ, શ્રી અશોક પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સર્વે હાથ ધરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કર્મચારીઓની બદલી, નિવૃત્તિ અને અવમાનના કિસ્સામાં પણ ફાળવેલ આવાસમાં બિનઅધિકૃત વસવાટ હોવાનું પ્રકાશમાં આવતા તંત્ર દ્વારા મકાન ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જયારે અગાઉ પેટા ભાડુઆતોના પણ કેટલાક મકાનો હોવાની ફરિયાદો સંદર્ભે સફાળા જાગેલા તંત્ર દ્વારા જવાબદાર સામે પગલા લેવાની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. શહેરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૧૬ હજાર ૬૦૦ જેટલા સરકારી આવાસો છે. આ પૈકી ૧૯૦૦ જેટલા મકાનો નિગમ હેઠળના જાહેર કરાયા બાદ આ મામલે છેલ્લા ૭ વર્ષથી કોઈ નીતિ નક્કી થઈ શકી નથી. બીજી તરફ તંત્ર દ્વારા શહેરમાં સ્થિત વિવિધ સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજા હેઠળના આવાસો સંદર્ભે પણ સમયાંતરે અભ્યાસ હાથ ધરાતા આ કામગીરીમાં યોગ્ય પારદર્શકતા ન જળવાતી હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. જો કે હવે વિભાગ કક્ષાએથી શહેરના સેકટરોમાં સરકારી આવાસોમાં વસવાટ સંદર્ભે ટૂંકમાં જ સર્વેની પ્રકીયા હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જે અન્વયે વિભાગ દ્વારા સેકટરોમાં સ્થિત ઈન્કવાયરી કચેરીને જવાબદારી સોંપવામાં આવી છે. અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર જે તે સેકટરમાં ઈન્કવાયરી કક્ષાએથી દર પંદર દિવસે આવાસમાં બિનઅધિકૃત વસવાટ અંગેની તપાસ હાથ ધરાશે. જયારે યોગ્ય તપાસના અંતે તૈયાર થયેલ રીપોર્ટ વિભાગને સુપ્રત કરાશે.

## દુવિધાનો ભોગ બનતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવા સંજોગોમાં ચલણની કોપી આપ્યા પછી પણ સંબંધિત ક્લાર્કને નિયમિતરૂપે ન મળતા કાર્યવાહિમાં વિલંબ થાય છે. આર.ટી.ઓ. કચેરીમાં જૂના રેકર્ડ સ્કેન થયા પછી પણ હજુ કોમ્પ્યુટરાઈઝ્ડ બેઝ વર્ક શક્ય ન બન્યું હોવાનો આક્રોશ પણ સેવાઈ રહ્યો છે. જ્યારે નવી કોમ્પ્યુટરાઈઝ્ડ આર.સી. બુકમાં પણ વાહનનુંવર્ઝન અનેમાલિકનુંનામ પણ બદલાઈ જતુ જેવી ગંભીર ભૂલો છતી થતી હોવાની પણ બૂમરાણ સંભળાઈ રહી છે. આ સઘળી સ્થિતિ વચ્ચે મોડેલરૂપ કહેવાતી આર.ટી.ઓ. કચેરીમાં પૂરતા સ્ટાફના અભાવે પણ રોજબરોજ અરજદારોઅનેમુલાકાતીઓના કામ અટવાઈ પડતા હોવાનુંચિત્ર ઉપસી આવ્યું છે.

## શબ્દાવલી - ૪૭૧૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | |
| | | ૫ | ૬ | | | | |
| ૭ | ૮ | | | | ૯ | | |
| | ૧૦ | | | ૧૧ | | | |
| ૧૨ | | | ૧૩ | | ૧૪ | | ૧૫ |
| | | ૧૬ | | ૧૭ | | | |
| ૧૮ | | | | | | | |
| | | | | ૧૯ | | | |

**આડી ચાવી**

૧. બહાદુર, ધૈર્ય (૩)
૩. એકદમ જડથી, મૂળિયાથી (૪)
૫. કૂડા કચરા જેવું પાણી (૩)
૭. નવી ફિલ્મ, તોફાન જેવો અર્થ (૪)
૯. ગુંડુ, ધંગધડા વગરનું (૩)
૧૦. આશીર્વાદ, દેવીદેવતા દ્વારા અપાય તે (૪)
૧૨. ગાયન, ગાણું (૨)
૧૩. રીત, રિવાજ (૩)
૧૭. તાલવેંત, લખપતિ (૪)
૧૮. રાગ-આસક્તિ વિનાનું (૪)
૧૯. ચીલાચાલુ, નવું ના હોય તેવું (૩)

**ઊભી ચાવી**

૧. હિંડોળો (૩)
૨. ઝઘડો, ટંટો, મતભેદ (૪)
૩. સમતોલપણું, મગજની સ્થિરતા (૨)
૪. મુલવવું તે, કિંમત કરવી (૪)
૬. શક્તિશાળી, દમવાળુ (૪)
૮. હોમ, યજ્ઞ (૩)
૧૧. મૂળ, ઉત્પત્તિ સ્થાન (૩)
૧૨. વાદળોની ગર્જના અને વીજળી (૪)
૧૪. 'હેમખેમ' શબ્દ ગોઠવો (૪)
૧૫. વખાણને હિન્દીમાં.... કહેવાય (૩)
૧૬. સંસારમાં આસક્તિ ના રહેવી (૩)

### શબ્દાવલી ૪૭૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગૃહકામ (૫) ટોપલો (૮) હીણપત (૯) ગબા (૧૦) મલાજો (૧૪) તાંદળજો (૧૬) પુલકીત (૧૮) કવિ (૨૦) ચમકાર (૨૧) પરત (૨૨) ઘાત (૨૩) રદ (૨૪) પવન

**ઊભી ચાવી :-** (૧) ગૃહિણી (૨) હણ (૩) કાપ (૪) મતમતાંતર (૬) પગ (૭) લોબાન (૧૧) લાદ (૧૨) જાળ (૧૩) ચમક (૧૫) જોકર (૧૬) પુચકાર (૧૭) કીકારો (૧૯) વિતરણ (૨૧) પતન (૨૨) ઘાવ

## સમાચાર ઝલક

- વાપીથી ઝડપાયેલા ત્રણ ચોરોએ ૨૦૦થી પણ વધુ બાઈક ચોરી કર્યાની શંકા.
- વડોદરાની ફ્લેમિંગો ઈન્ટરનેશનલને લાખોનો ચૂનો લગાવતો દિલ્હીનો ઠગ.
- કચ્છ પંથકમાં હળવા-મધ્યમ પાંચ ભૂકંપના આંચકા નોંધાયા.
- ભાવનગરમાં ૧૮ લાખની ચાંદીના જથ્થા સાથે બે શકમંદ ઝડપાયા.
- ઉનાના કુલકામાં કુવામાં બે શ્રમિકો દટાયા : એકનું મોત
- અનેરા ઠાઠ માઠ સાથે ભાવનગરનો બર્થ ડે ઉજવાયો.
- રાજકોટના વણિક વેપારીના બંગલામાંથી ૧૫ તોલા સોનાની ચોરી
- ધારી પંથકમાં વધુ એક યુવાન પર દીપડાનો હુમલો.
- સુરેન્દ્રનગર જિલ્લામાં આફ્રિકન સુદાન ઘાસનું સફળ વાવેતર.
- ચોટીલામાં હિટ એન્ડ રન કેસ : ટોળાએ બસ સળગાવી.
- દાંતીવાડા કોલોનીમાં બાઈક સળગાવનાર મહિલાની ધરપકડ.
- વસાઈમાં થયેલા રાયોટિંગના ગુન્હામાં ૨૭ શખ્સોની ધરપકડ.
- મહેસાણામાં હસ્તરેખા જોવાના બહાને ગઠિયો સોના-ચાંદીની વીંટી, ઘડિયાલ, મોબાઈલ, રૂદ્રાક્ષની માળા તફડાવી ભાગી ગયો.
- વારાહીમાં ૫૦૦ રૂ. ઉછીના નહીં આપતા યુવકની હત્યા.
- પાટણ આર્ટસ કોલેજમાં સીસી ટીવી કેમેરાના વાયર ખેંચી લઈને તસ્કરો બિન્દર ચોરી ગયા.
- કાંડાગરામાં વર્ષિતપના પારણામાં જીવદયા માટે ૬૧ લાખ એકઠા થયા.
- સટ્ટામાં હારી ગયેલા આદિપુરના ફિનાઈલના વેપારીનો આપઘાત.
- મહુવા યાર્ડમાં કપાસની ખરીદી બંધ હોઈ ખેડૂતો દ્વારા ચક્કાજામ.
- પાકિસ્તાનમાં યોજાનાર વર્લ્ડ કેમ્પમાં ભાવનગરના સ્કાઉટ ગાઈડની પસંદગી.

## બૌદ્ધિક સંપદા અંગે આજે વિશેષ સેમિનાર યોજાશે

અમદાવાદ, તા.૨૫

ભારત સરકારની અમદાવાદ સ્થિત ટ્રેડમાર્ક રજીસ્ટ્રી વિભાગના ઉપક્રમે આવતીકાલ તા.૨૬મી એપ્રિલને ગુરૂવારે વિશ્વ બૌદ્ધિક સંપદા દિને શહેરની પ્રાઈડ હોટલમાં અવેરનેસ માટે એક સેમિનારનું આયોજન કરાયુ છે. આ સેમિનારમાં બૌદ્ધિક સંપદા અંગે ચર્ચા કરાશે. ભારત સહિત વિશ્વમાં બૌદ્ધિક સંપદા અંગે કેવા પ્રકારની ગતિવિધિઓ અને વિકાસ થઈ રહ્યો છે એની માહિતી આપવામાં આવશે તેમ ટ્રેડમાર્ક રજીસ્ટ્રીના આસી. રજીસ્ટાર એસબી પાલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બૌદ્ધિક સંપદા પારંપારિક રીતે બે વિભાગમાં વહેંચાયેલી છે જે ૧. ઔદ્યોગિક સંસ્થા અને ૨. કોપીરાઈટ, ઔદ્યોગિક ડિઝાઈન સહિત ભૌગોલિક નિર્દેશોનો સમાવેશ થાય છે. જ્યારે કોપી રાઈટમાં સાહિત્ય અને કલાકારોનો સમાવેશ થાય છે જેમ કે પુસ્ત, ફિલ્મ, મ્યુઝિક નવી નવી શોધ કરી હોય બન્નેને પેટન્ટ દ્વારા રોયલ્ટી મળી શકે તે બૌદ્ધિક સંપદાનો હેતુ છે સંપદાનું એક અધિવેશન યોજાયુ હતું તેથી તે દિવસને બૌદ્ધિક સંપદા દિન તરીકે ઊજવવામાં આવે છે.

## લોકવાણી ફોરમ - હરસુર ગઢવી

(પાના નં. ૪ નું ચાલુ)

આકાશવાણી રાજકોટ, દૂરદર્શન, ઈ.ટી.વી. ભારતનો ગુજરાતી સમાજ જે જે શહેરે છે. ત્યાંથી નિમંત્રણ મળતાં. જે તે ધરા સાથે ગુજરાત-સૌરાષ્ટ્ર ખડાં કરી દીધા છે.

આપણી ભારતીય સંસ્કૃતિના જયોતિર્ધર સમા પૂ. મોરારીબાપુ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૨માં તેમને દુલા ભાયા કાગ એવોર્ડ આપીને સન્માનેલ હતા.

આવા લબ્ધ પ્રતિષ્ઠિત લોક સાહિત્યકારે તા. ૨૦-૪-૨૦૧૨ ના રોજ આપણી ધરાને કાયમી અલવિદા કરી. ગામડાંના ચોરે-ચૌટે, ડાયરાઓના મંચ ઉપર હરસુરભાઈ સદાયે જીવંત રહેશે.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

*આયુર્વેદ પ્રમાણે કફને દૂર કરે તેવી ઔષધિઓ (કે જે આપણે અગાઉના અંકોમાં જોઇ ગયા છીએ) તેનો ઉપયોગ કરી શકાય. અમુક આયુર્વેદિક ફાર્મસીઓ દ્વારા પેટન્ટ દવાઓ પણ બજારમાં છે પરંતુ તેના ચોક્કસ પરિણામો હજુ જાણમાં નથી.*

*શારીરિક માનસિક સ્વસ્થતા, આહાર-વિહારનું નિયમન, નિયમિત વ્યાયામ, પ્રાણાયામ તથા હકારાત્મક શૈલિથી ચોક્કસ ફાયદો થાય છે. જે વ્યક્તિને નસકોરા બોલતા હોય તેણે તેમજ પરિવારજનોએ આ પરિસ્થિતિને સહજ માનવી. વ્યક્તિએ સ્વેચ્છાએ જ અલગ ઓરડામાં સૂવું જેથી બીજાની ઊંઘ ન બગડે.*

**મો. ૯૮૭૬૪૭૧૧૪૭**

## જાહેર નિવિદા નં. ૧ / ૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં. ૧, પાટનગર યોજના ભવન, સેકટર નં. ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ દ્વારા વિદ્યુત કામોને લગતા ૧ થી ૯ કામો કે જેની અંદાજીત કિંમત રૂ. ૪૫૪૫૦.૦૦ થી ૨,૨૬,૨૪૦.૦૦ની વચ્ચે છે.

જે માટ માન્ય મુળ ઉત્પાદકો કે મૂળ ઉત્પાદકો દ્વારા અધિકૃત કરેલ પેઢીઓ તેમજ યોદ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ટેકેદારોશ્રી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૩૦/૪/૨૦૧૨ (સમય ૧૬.૦૦) કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની તારીખ ૭-૫-૨૦૧૨ છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ટેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

**માહિતી/૧૪૯/૨૦૧૨-૧૩**